# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ચાંદીપુરા વાઇરસના કેસને નિયંત્રણમાં લેવા આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામિણ વિસ્તારોમાં દવાનો છંટકાવ, કાચા મકાનોની દિવાલો પૂરવાની અને રેત માંખ પકડવાની કામગીરી પૂરજોશમાં..
- વ્યાજખોરીના દૂષણને ડામવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ હોવાનું જણાવતાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી...
- નગરપાલિકાઓને રસ્તાઓના સમારકામ માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો...
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીના પગલે NDRFની દસ ટીમો તૈનાત કરાઇ..
- ગુરૂપૂર્ણિમા નિમિત્તે સમગ્ર રાજ્યમાં ગુરૂવંદના અને ગુરૂપૂજનના કાર્યક્રમો યોજાયા..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CHANDIPURA VIRUS DIST.

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસના કેસ વધી રહ્યાં છે, ત્યારે હવે દક્ષિણ ગુજરાતના સુરતમાં પણ હવે ચાંદીપુરા વાઇરસે દેખા દીધી છે.. સુરતમાં આ રોગનો પ્રથમ કેસ નોંધાયો છે. બાળકીમાં લક્ષણો દેખાતાં તેમને સારવાર આપવામાં આવી રહી છે.

જ્યારે મહીસાગર જિલ્લામાં ચાંદીપુરાના વાયરસના શંકાસ્પદ લક્ષણ સાથે વડોદરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ છે.. મહીસાગર જિલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણવાળા બે કેસ સામે આવ્યા છે, જેમાં બંને બાળકીઓના સારવાર દરમિયાન મોત થયા છે.. હાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વે કરી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.. અમારા મહિસાગર જીલ્લાના પ્રતિનિધીનો અહેવાલ સાંભળીએ...

**(બાઇટ-કૌશિક જોષી-મહિસાગર)**

પંચમહાલમાં વધુ ૩ શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસના કેસ મળી આવતાં જિલ્લામાં કુલ 10 શંકાસ્પદ ચાંદીપુરમ કેસ નોધાયા છે. જેમા ત્રણ બાળકોના મોત નિપજ્યા છે. જેમા ઘોઘંબાના લાલપુરીની મૃતક બાળકનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જ્યારે ગોધરાના કાંટડીના મૃતક બાળકનો રીપોર્ટ નગેટીવ આવ્યો છે.. જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે ગામમાંથી 20 જેટલી સેન્ડ ફ્લાય માખીઓ શોધી કાઢી હતી. ગામોમાં સર્વેલેન્સ અને દવા છંટકાવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે..

ડાંગમાં જિલ્લા સંકલન સમિતિ દ્વારા આરોગ્ય તપાસ અંગેની બેઠક યોજાઇ, જેમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારીએ ચાંદીપુરા વાઇરસથી બચવા અંગે માર્ગદર્શન આપ્યું હતું..

મહેસાણાના વિસનગરમાં એક સાત મહિનાના બાળકને શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણ જણાતા વડનગરની હોસ્પિટલમાં સારવાર સારવાર બાદ તેનું મૃત્યુ થયું છે.. વિસનગરમાં મેલેથોનીલ પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે શંકાસ્પદ ચાંદીપુરા કેસના બાળકોની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે બાળકોને આપવામાં આવતી સુવિધા અંગે વિગતો મેળવી હતી. 15 બેડની સુવિધા સહિત પાંચ અલગ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે જણઆવ્યું કે, જરૂર જણાશે તો વધુ વ્યવસ્થા કરવામાં આવશે.

## GUJ. VYAJKHOR KARYVAHI

ગુજરાતમાં વ્યાજખોરો સામે કાર્યવાહી થઇ રહી છે. જેમાં સુરતમાં નોંધાયેલ વ્યાજખોરો સામે ગુનાઓમાં મૂડી પરત કરવામાં આવી છે, તેમ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.. સુરતમાં વ્યાજખોરો સામે પોલીસની કાર્યવાહી શરૂ થઇ છે. તેમાં સુરત પોલીસે 58 વ્યાજખોરો સામે ગુના નોંધ્યા છે. જેમાં પોલીસે કુલ 94 લોકોની ધરપકડ કરી છે. પીડિત લોકોને 1 કરોડથી વધુની મૂડી પરત કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે,

## (બાઇટ- હર્ષ સંઘવી)

# NAGARPALIKA- ROAD RASTA

રાજ્ય સરકારે શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમિયાન થતાં નુકસાનને નિવારવા સમારકામ માટે ૧૦૦ કરોડ રૂપિયાની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી માટેના કામો હાથ ધર્યા છે..

જેમાં અ વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ રૂપિયા, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૮૦ લાખ રૂપિયા, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને ૬૦ લાખ રૂપિયા અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પાલિકા દીઠ ૪૦ લાખ રૂપિયાની ફાળવણી કરી છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં નગરપાલિકાઓને માર્ગ મરામત અને સુવિધાયુક્ત માર્ગો માટે ૮૧૦ કરોડ રૂપિયાથી વધારાની ગ્રાન્ટ ફાળવી છે.

# DWARKA- CHARAS

દ્વારકા જિલ્લાના દરિયામાંથી 11 કરોડ 84 લાખની કિંમતનો ચરસનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. સઘન પેટ્રોલિંગ દરમિયાન પોલીસે સમુદ્રકિનારા વિસ્તારમાં બાજ નજર રાખીને મોજપ ગામમાંથી મોટી માત્રામાં ચરસ ઝડપ્યું છે.,. એક અંદાજ મુજબ, 24 કિલોના 21 પેકેટો પોલીસે જપ્ત કર્યા છે.. ઝડપાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં 11

કરોડથી વધુની કિંમત નોંધાઇ છે. આ અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# GUJRAT RAINS

રાજ્યના 61 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડના ઉંબેરગામમમાં સાડા ચાર ઇંચ જેટલો વરસાદ એક જ દિવસમાં વરસી ચૂક્યો છે. તો ગીર સોમનાથ જિલ્લાના પાટણ વેરાવળમાં 4 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે NDRFની દસ ટીમો સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, જૂનાગઢ, દ્વારકા અને ગીર સોમનાથમાં તૈનાત કરી છે.

હવામાન વિભાગે આગામી 24 કલાક માટે સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. નર્મદા, ડાંગ, ભરૂચ, તાપી, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, કચ્છ અને દીવ જેવા જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે આગામી 4 દિવસ સુધી રાજ્યમાં વ્યાપક વરસાદની આગાહી કરી છે.

જો કે, આજે રાજ્યના પૂરગ્રસ્ત સૌરાષ્ટ્ર વિસ્તારમાં વરસાદનું જોર ઘટ્યું છે. સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોને બાદ કરતાં રાજ્યના બાકીના ભાગોમાં અત્યાર સુધીમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

દ્વારકા જિલ્લામાં 1 દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ છવાયો છે. ખંભાળિયા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. વરસાદના પગલે વડતરા ગામની ફૂલકું

નદીમાં પુર આવ્યું છે તો વડત્રા ગામના બજારો તેમજ ખેતરોમાં ઘૂંટણ જેટલા પાણી ભરાયા છે. ખંભાળિયા શહેરના જોધપુર ગેટ, નગરગેટ, રામનાથ, સોની બજાર સહિતના વિસ્તારના રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યા છે.

તાપીના વ્યારા, ડોલવણ, વાલોડ, સોનગઢ સહિતના વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.

અમરેલીના રાજુલા, જાફરાબાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે.

ભાવનગરના ઘોઘામાં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

અમને હમણાં મળતાં સમાચાર મુજબ, હાલ સુરત અને પોરબંદરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

# GURUPURNIMA DIST.

રાજ્યભરમાં ગુરુપૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.. રાજ્યમાં ગુરુવંદના,પાદુકા પૂજન, ભંડારા સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.. શક્તિપીઠ અંબાજી, પાવાગઢ, ચોટીલા, દ્વારકા, શામળાજી, બગદાણામાં પૂનમ નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે.

જામનગરમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તોએ ગુરૂજનનું અને તેમની પ્રતિમાનું પૂજન- અર્ચન કર્યું હતું.

વડતાલ ધામ અને સંતરામ મંદિરમાં વહેલી સવારથી જ ભક્તજનો મહારાજના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા.

જુનાગઢ ભવનાથ તીર્થક્ષેત્રમાં આજે ગુરુપૂજન તેમજ ભોજન, ભજન અને ભક્તિના ત્રિવેણી સંગમથી ભક્તિ ભાવપૂર્ણ ગુરુપૂર્ણિમાની ઉજવણી થઈ..

સુરેન્દ્રનગર જીલ્લાના દરેક મંદિરોમાં આજે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી.. સુરેન્દ્રનગર ભાજપનાં કાર્યકરો અને હોદેદારોએ જૂદા જૂદા મંદિરોમાં ગુરુ ઊપાસના કરી હતી.. જેમાં વઢવાણના ધારાસભ્ય જગદીશ મકવાણાએ વઢવાણ સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શન કરી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી..

સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દાદાને 8 કિલો સોનામાંથી બનેલાં વાઘા પહેરાવાયા. આ સાથે જ દાદાના સિંહાસને ગુલાબ અને ગલગોટાના ફુલનો પણ શણગાર કરાયો છે.

બોટાદના ભીમનાથ મહાદેવ મંદિરે હજારોની સંખ્યામાં ભાવિકો તેમજ સેવકો ઉમટી પડ્યા હતા અને શાસ્ત્રોક્ત વિધી મુજબ ગુરુપૂજન કરાયું હતું.. આજે દર્શનાર્થીઓ માટે મંદિર વહીવટ દ્વારા વિશેષ લાડુ અને મહાપ્રસાદ ભોજનનું આયોજન કરાયું..

સાવરકુંડલાના હાથસણી ગામ પાસે માનવ મંદિર આશ્રમમાં સંત શિરોમણી ભક્તિ બાપુની પૂજા- અર્ચના ભક્તો અને સેવકો દ્વારા કરવામાં આવી.. ત્યાં ધારાસભ્ય મહેશ કસવાળાના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો..

જેતપુરમાં નરસિંહ મંદિર ખાતે ભગવાનને વાઘાનો શણગાર કરાયો હતો.. મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યાં..

તો અમદાવાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, છોટા ઉદેપુર સહિત વિવિધ જીલ્લાઓમાં ગુરુપૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી..

ડાંગ જીલ્લાના આહવા તાલુકામાં અર્ધનારેશ્વર મંદિરે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઇ..

# CM- BAGDANA

ગુરુપૂર્ણિમાનાં પાવન પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર જિલ્લાનાં બગદાણા ખાતે ગુરુઆશ્રમમાં દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીએ સંત બજરંગદાસ બાપાનાં ગાદીસ્થળની પૂજા કરી હતી. ત્યારબાદ બજરંગદાસ બાપાનાં સમાધિસ્થળનાં દર્શન પણ કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ બગદાણામાં દર્શને આવેલા હજારો ભક્તોને ગુરુપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી. શ્રી પટેલે બગદાણા આશ્રમની વેબસાઇટ bagdanatemple.org નું ઉદઘાટન કર્યું હતું.

# EK PED MAA KE NAM

સાબરકાંઠા જિલ્લા પ્રભારી મંત્રી અને ઉદ્યોગ શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપુત જિલ્લાની મુલાકાત દરમિયાન હિંમતનગરની કેનાલ બ્યુટીફિકેશન અંતર્ગત કરવામાં આવેલી કામગીરીનું નિરીક્ષણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ વન વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દમણ ઔદ્યોગિક એકમ અને અગ્રણીઓ દ્વારા 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું હતું.. આ અભિયાનમાં જોડાઈને તમામ લોકોએ પોતાની માતૃશક્તિના નામે એક-એક વૃક્ષ વાવી દમણને વધુ હરિયાળું બનાવવા સૌને અપીલ કરી હતી.

# CHANDIPURA VIRUS- MEGA DRIVE

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસને અટકાવવા સરકાર દ્વારા તમામ ગામોમાં દવા અને સ્પ્રે છંટકાવની મેગા ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે.. મચ્છર અને પાણીજન્ય રોગચાળાને અટકાવવા આરોગ્ય વિભાગ સઘન કામગીરી કરાઇ રહી છે. વરસાદી ઋતુ હોવાથી પાણી કે મચ્છરજન્ય રોગચાળાને પણ અટકાવવા માટે અગમચેતીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં મેલેથિયોન અને અન્ય દવા તેમજ સ્પ્રે છંટકાવની કામગીરી કરાઇ રહી છે..

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 28મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો રજૂ કરવા આમંત્રણ આપ્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

28મી જુલાઇએ પ્રસારિત થનારો આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# NEWS IN BRIEF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના હસ્તે સુરતના વાસવામાં અદાણી ફાઉન્ડેશન દ્વારા હળપતિ આવાસનું લોકાર્પણ કરાયું..
- આરોગ્યમંત્રી મંત્રી ઋષિકેશ પટેલે વિસનગરમાં રક્તદાન કેમ્પમાં સૌને રક્તદાન કરવા અપીલ કરી..
- કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના જન્મદિન નિમિત્તે અમદાવાદમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું..
- આણંદ જીલ્લામાં કરુણા એમ્બ્યુલન્સ દ્વારા અત્યાર સુધીમાં ૧૩ હજારથી વધુ પશુ-પક્ષીઓને સારવાર આપવામાં આવી..
- દીવના બુચરવાડા ખાતે દીવ કોર્ટ દ્વારા શાળા કોલેજોમાં થતા રેગીંગને રોકવા જાગૃતિ કાર્યક્રમ યાજાયો..

- પોરબંદર-કાનાલૂસ રેલવે ટ્રેક ઉપર પાણી ભરાઇ જતાં દાદર-પોરબંદર ટ્રેન રદ કરવામાં આવી...
- ડાંગના જામલાપાડા ગામે ખેતરના કુવામાં દિપડો પડતા વનવિભાગે ભારે જહેમત બાદ બચાવ્યો.. કૂવામાંથી બહાર આવતાં જ દિપડો જંગલમાં ભાગી છૂટ્યો..